# ભજનાંજલિ

## સંક્ષિપ્ત

કાકા કાલેલકર

સંપાદક

મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ

સંક્ષિપ્ત આવૃત્તિ: ૧૯૯૬

પ્રકાશક:
ગોપાલ મેઘાણી
લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. ૨૩ (સરદારનગર), ભાવનગર ૩૬૪૦૦૧

પ્રથમ ઇ-બુક આવૃત્તિ: ૨૦૧૧

ઇ-બુક નિર્માણ:
અપૂર્વ આશર • apurva.ashar@gmail.com

# અનુક્રમ


નિવેદન . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪
ભજનોનો ભાવ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫

જતનસે ઓઢી ચદરિયા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૬
વૃક્ષનસે મત લે . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૮
મેરે તો ગિરધર ગોપાલ . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૦
હૈ બહારે બાગ દુનિયા ચંદ રોજ . . . . . . . . . . . . . . . . . . . ૧૨
રે મન! મૂરખ જનમ ગંવાયો . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૪
શૂર સંગ્રામકો દેખ ભાગૈ નહીં . . . . . . . . . . . . . . . . . . . . ૧૫
એક જ દે ચિનગારી . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૭
હરિને ભજતાં.... . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૮
જીવન જવ સુકાઈ જાય . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૦
પ્રેમળ જ્યોતિ તારો દાખવી . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨
મંગલ મંદિર ખોલો . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩
પાપાચી વાસના નકો દાવૂં ડોળાં . . . . . . . . . . . . . . . . . . ૨૪
જે કા રંજલે ગાંજલે . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૬
અંતર મમ વિકસિત કરો . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૭
જનગણમન-અધિનાયક જય હે . . . . . . . . . . . . . . . . . . . . ૨૮

# નિવેદન

**માણસની** નૈતિક ભાવના પ્રબળ થાય એ જાતની પ્રાર્થનાઓ ગાંધીજીના સત્યાગ્રહાશ્રમમાં ગવાતી. તેનો નાનકડો સંગ્રહ નારાયણ મોરેશ્વર ખરેએ સંપાદિત કરેલો, તે 'આશ્રમભજનાવલિ' નામે ૧૯૨૨માં પ્રથમ બહાર પડેલો. આશ્રમનું જીવન જેમ જેમ સમૃદ્ધ થતું ગયું, તેમ તેમ એ ભજન-સંગ્રહનું કદ નવી નવી આવૃત્તિઓ વખતે વધતું ગયું. ૧૯૯૪ના તેના ૨૮મા પુનર્મુદ્રણમાં ૨૦૦થી થોડાં ઓછાં ભજનો છે. તેમાં કોઈ એક સંપ્રદાયનો ખ્યાલ નથી રાખેલો. જ્યાં જ્યાંથી રત્ન મળી ગયાં, ત્યાંથી તેને એકત્ર કરેલાં છે. ઘણા હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી એને આનંદથી વાંચે છે ને તેમાંથી કાંઈક ને કાંઈક નૈતિક આહાર મેળવે છે.

'આશ્રમભજનાવલિ'નાં ૪૨ ભજનોનો રસાસ્વાદ કરાવતાં પ્રવચનો કાકા કાલેલકરે આપેલાં, તે 'ભજનાંજલિ' નામની પુસ્તિકારૂપે ૧૯૭૪માં પ્રગટ થયેલાં. હાલ તે અપ્રાપ્ય છે. તેમાંથી પંદર પ્રવચનો ચૂંટી, તેને ટૂંકાવીને અહીં રજૂ કરેલાં છે.

સંપાદક

# ભજનોનો ભાવ

**દક્ષિણ** આફ્રિકા જેવા અત્યંત પ્રતિકૂળ પ્રદેશમાં સેવાનો પ્રારંભ કરી ગાંધીજીએ જે અનુભવ મેળવ્યો અને આદર્શ કેળવ્યો, એનો લાભ ભારત મારફતે માનવજાતિને આપવાના હેતુથી તેઓ ૧૯૧૫માં કાયમને માટે સ્વદેશ આવ્યા. એમણે અમદાવાદમાં સત્યાગ્રહાશ્રમ સ્થાપ્યો. એ આશ્રમમાં પ્રાર્થનામાં ચલાવવા માટે જે ભજનો પસંદ કર્યાં, તે 'આશ્રમભજનાવલિ'માં સંગ્રહિત છે.

આ દેશને વિદેશી ગુલામીમાંથી મુક્ત કર્યા વગર રાષ્ટ્રીય સામર્થ્ય કેળવાય નહિ, અને ભારતમાતાનું જાગતિક મિશન શરૂ ન કરી શકાય, એમ જોઈને એમણે પ્રજાજાગૃતિનો અને રાષ્ટ્રીય સંગઠનનો એક જબરદસ્ત કાર્યક્રમ અમલમાં આણ્યો. અહીંની સંસ્કૃતિની અદ્‌ભુત તેજસ્વિતા એમણે સત્યાગ્રહ જેવી સાત્ત્વિક યુદ્ધનીતિ દ્વારા ખીલવી બતાવી.

એવા એ મહાત્માજીના આશ્રમમાં ચાલતી પ્રાર્થનાઓમાં નિત્ય ગવાતાં ભજનોનો ભાવ સમજાવવાનો પ્રયત્ન તે વખતનાં આ પ્રવચનોમાં કરેલો છે.

૧૯૭૪ — કાકા કાલેલકર

# જતનસે ઓઢી ચદરિયા

જેઓ લોકકવિ છે તે વિશાળ લોકજીવનના સામાન્ય અનુભવમાંથી જ પોતાની કવિતાનો મસાલો મેળવી લે છે.

*ઝિની ઝિની ઝિની ઝિની*
*બિની ચદરિયા.*
*ઝિની ઝિની ઝિની ઝિની*
*બિની ચદરિયા.*

કબીર વણકર હતો, એટલે ચાદરની અને વણાટની ઉપમા એને સૂઝે એમાં આશ્ચર્ય શું?

તાણાની તૈયારી કરીને પછી જેમ એમાં વાણો વણાય છે, તે જ પ્રમાણે માબાપ પાસેથી મળેલો વારસો, કુળધર્મની ટેક, પોતાના જમાનાની લોકસ્થિતિ, એ બધો આપણા જીવનનો તાણો છે. એની અંદર દૈનંદિન જીવન, એમાં મળતા અનુભવો, એની મારફતે ખીલવેલી કલ્પનાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ, એમાંથી નીતરતાં સુખદુઃખો, એ બધો આપણા જીવનનો વાણો છે. શ્રદ્ધા અને અનુભવો, પૂર્વસંસ્કારો અને નવા પુરુશાર્થો જ્યારે ઓતપ્રોત થાય છે, ત્યારે એમાંથી અવનવી ભાત પડતી જાય છે; અને એ જ જીવનનો સાચો ઉપયોગ અને આનંદ છે.

આવી રીતે બનેલી ચાદર તે આપણું શરીર છે.

માણસને જેમ કુશળતાપૂર્વક વણતાં આવડવું જોઈએ, તેમ વણેલી ચાદર કુનેહપૂર્વક વાપરતાં પણ આવડવું જોઈએ. શરીર જો સ્વચ્છ હોય અને આખા દિવસની પ્રવૃત્તિ પણ જો નિર્મળ હોય, તો સવારે ઓઢેલાં કપડાં સાંજ સુધી મેલાં શા માટે થવાં જોઈએ?

સ્વર્ગના દેવો, પૃથ્વી પરના મનુષ્યો અને એ બંને કોટિથી પર એવા ઋષિમુનિઓ, બધાએ શરીરો વાપરી જોયાં છે, બધાએ પોતપોતાની ચાદર ઓઢી છે, અને દરેકની ચાદર ક્યાંક ને ક્યાંક મેલી થઈ છે. એક કબીર એવો નીકળ્યો કે જેણે એ ચાદર એવી કુનેહથી વાપરી કે, એની પાસેથી એક જન્મારાનું કામ કઢાવ્યાં છતાં, અંતે જેવી મળી હતી તેવી જ પાછી સોંપી દીધી.

*સો ચાદર સુર નર મુનિ ઓઢી,*
*ઓઢી કે મૈલી કિની ચદરિયા.*

*દાસ કબીર જતનસે ઓઢી,*
*જ્યોંકી ત્યોં ધરિ દિની ચદરિયા.*

આખો જન્મારો નિર્‌વિકાર સ્થિતિમાં પસાર કરવાને કારણે પોતાનું શરીર ક્યાંય મેલું ન થયું, એવો કબીરનો આત્મવિશ્વાસ છે.

શરીર મેલું થયું ક્યારે ગણાય? આરામ, કસરત, આહાર અને વિહાર એ બધા શરીરના વ્યાપાર છે. આલસ્ય વધે તો શરીર મેલું થયું ગણાય, ખાવામાં સ્વાદ-લોલુપતા દેખા દે તો શરીર મેલું થયું ગણાય.

નિર્‌વિકારી માણસ જ્યારે ભોજન કરે છે ત્યારે કેવળ શરીર-પોશણને માટે જ કરે છે. ખાતી વખતે દરેક વસ્તુનો સ્વાદ એ સૂક્ષ્મતાથી અનુભવી શકે છે. સારો સ્વાદ કયો અને નરસો કયો, એનો વિવેક પણ એની પાસે ઉત્તમ હોય છે; પણ એ સ્વાદ પાછળ એક ક્ષણ પણ એ તણાઈ જતો નથી.

સ્વાદ-ક્ષમતા એ અલગ વસ્તુ છે, અને સ્વાદ-લોલુપતા એ બીજી વસ્તુ છે. કલારસિકો જે કલાનંદ માણે છે તે, અને ઊતરતી કોટિના લોકો એ જ વસ્તુમાંથી જે વિશયાનંદ માણે છે તે, બંને વસ્તુઓ જુદી. એકમાં નિર્‌વિકારી સ્થિતિ જળવાય છે અને એમાં કૌશલ્યની પરિસીમા સધાય છે; વિશયાનંદમાં શરીર અને મન વિકારી થઈ જાય છે અને સ્વાદ-ક્ષમતા, અમુક હદ પછી, બુઠ્ઠી પણ થઈ જાય છે.

[ અનુક્રમણિકા તરફ ]

# વૃક્ષનસે મત લે

**શિક્ષક** કહે છે, મારી પાસે આવેલા સારા-નરસા બધા વિદ્યાર્થીઓની સેવા કરવી, એ એક જ મારો ધર્મ છે. જેઓ જાણતા નથી તેમને જ્ઞાન આપવાનું, જેમનામાં કૌશલ્ય નથી તેમને કેળવવાનું, જેઓ બગડેલા છે તેમને સુધારવાનું કામ મારું. પણ સજા કરવાનું કામ મારું નથી.

હું તો બગડેલા વિદ્યાર્થીઓને પણ અજ્ઞાની જ ગણું છું. જેઓ ચારિત્ર્યમાં કાચા છે તેઓ પણ મારી દૃષ્ટિએ અજ્ઞાની, નબળા જ છે. જે લોકો સારું શું છે એ જાણતાં છતાં ખરાબ રસ્તે જાય છે, તેમનામાં પોતાના મન ઉપર કાબૂ મેળવવાની શક્તિ નથી એ એમની નબળાઈ છે. એવી નબળાઈ દૂર કરવી, એ શિક્ષકનું કામ. એને માટે શિક્ષકમાં પાર વગરની ધીરજ હોવી જોઈએ. વળી, મારો આ વિદ્યાર્થી આજે ભલે ચારિત્રનો નબળો હોય, દુર્જનની પેઠે ચાલતો હોય, તોપણ એનામાં ભલાઈનાં તત્ત્વો સુપ્તપણે છે જ એ વિશે મને શંકા નથી. એ સારાં તત્ત્વો અત્યારે સૂતેલાં છે, એને જગાડવાં એ મારું કામ છે.

સજા કરવી એ સહેલું કામ છે. મારું જીવનકાર્ય એથી ઊંચું છે. દરેકમાં રહેલી ભલાઈ અને સજ્જનતા ઉપર વિશ્વાસ રાખવા જેટલી આસતિકતા મારામાં હોવી જોઈએ. અને એ ભલાઈ જગાડવા માટે હું મારા પ્રયત્નની પરાકાષ્ઠા કરું. શિક્ષક તરીકેની એ જ મારી જીવન-સાધના છે.

આટલે સુધી આવ્યા પછી સુરદાસનું આ ભજન આપણે પૂરતું સમજી શકીશું:

*વૃક્ષનસે મત લે, મન તૂ વૃક્ષનસે મત લે.*
*કાટે વાકો ક્રોધ ન કરહીં,*
*સિંચત ન કરહીં નેહ.*

સુરદાસ પોતાના મનને કહે છે: જુઓ આ વૃક્ષો. જે કોઈ એને કાપી નાખે છે, એના ઉપર એ ક્રોધ નથી કરતાં. અને જે કોઈ એમને પાણી પાય છે, એમને પોતાના હિતકર્તા સમજી એમના પ્રત્યે ખાસ વહાલ પણ બતાવતાં નથી. એ તો બધા પ્રત્યે સરખાં જ.

આ જુઓ, કેટલો સખત તડકો છે! એ તડકામાં એ વૃક્ષ સૂરજની ગરમી પોતાના માથા ઉપર ઝીલી લે છે, સહન કરે છે. અને પોતાની તળે આવેલાં બધાંને છાયા આપે છે.

ઝાડ ઉપર સરસ ફળ ઊગેલાં જોઈ લોભી માણસ એ ફળ તોડે છે. ઉપર ચડવાનું શક્ય ન હોય, અથવા એટલી મહેતન પણ કરવી ન હોય, તો માણસ ફળ તરફ તાકીને

પથ્થર ફેંકે છે. આવા માણસ ઉપર પણ ક્રોધ કર્યા વગર વૃક્ષ પોતાનું ફળ એને આપી છૂટે છે.

*ધૂપ સહત અપને સિર ઉપર,*
*ઔર કો છાંહ કરેત;*
*જો વાહીકો પથર ચલાવે,*
*તાહીકો ફલ દેત.*

ખરેખર, આ વૃક્ષો જ પૂરાં પરોપકારી છે. એમને ધન્ય છે. હે મારા મન! તને માણસનો દેહ મળ્યો એ વ્યર્થ છે. વૃક્ષ જેટલી પણ ભલાઈ તું બતાવતો નથી! આ વૃક્ષનાં વખાણ ક્યાં સુધી કરું? એ વૃક્ષો જ ખરેખરાં હરિનાં જનો છે; એમની પાસેથી તારે બોધ લેવો જોઈએ.

*ધન્ય ધન્ય યે પર-ઉપકારી,*
*વૃથા મનુજકી દેહ.*
*સૂરદાસ પ્રભુ કહં લગિ બરનૌં,*
*હરિજનકી મત લે.*

[ અનુક્રમણિકા તરફ ]

# મેરે તો ગિરધર ગોપાલ

**આપણે** ત્યાં માન્યતાભેદની સ્વતંત્રતા પહેલેથી છે. બૌદ્ધિક સ્વતંત્રતા આપણા દેશની આબોહવામાં છે.

પણ આચરણ વિશે એવી છૂટ રખાઈ નથી. માન્યતા માનસિક વ્યાપાર હોઈ એ વ્યક્તિનો સવાલ છે. તેમાં સમાજને કશું કહેવાપણું હોય નહિ. આચરણનું એવું નથી. તેથી એના ઉપર સમાજ અંકુશ મૂકતો આવ્યો છે. સામાજિક અંકુશ છે, એટલે જ સમાજ બંધાયેલો રહે છે અને વિકાસ પણ પામતો આવ્યો છે. વ્યક્તિની દુર્બળતા સામે જો કોઈ મજબૂત ઢાલ હોય, તો તે સામાજિક અંકુશ છે. એવી કેટલીય વસ્તુઓ છે કે જે ખરાબ છે, હીન છે, નુકસાનકારક છે એમ જાણતા છતાં તે તરફ માણસ આકર્ષાય છે. એવે વખતે, સમાજમાં કેમ દેખાશે એના ખ્યાલથી માણસ પોતાને બચાવી શકે છે. કાયદાના દંડની બીક કરતાં સમાજના અભિપ્રાયની બીક વધારે અસરકારક હોય છે. અને તેથી જ દુનિયાભરના સજ્જનોએ સમાજના અભિપ્રાયની કદર કરી છે.

સ્વચ્છંદી લોકો સામાજિક અભિપ્રાયની સામે થવામાં બહાદુરી માને છે અને સામાજિક અભિપ્રાયની સંકુચિતતાની નિંદા કરે છે. પણ એવા લોકોના બંડ પાછળ કોઈ મહાન સુધારક તત્ત્વ નથી હોતું. કેવળ શરીરધર્મની જ હિમાયત હોય છે. એટલે જોતજોતામાં એવા બંડનું પામર સ્વરૂપ ઉઘાડું પડે છે, અને એવા લોકો અપ્રતિશઠિત થઈ જાય છે.

પણ જેઓ સ્વચ્છંદી નથી, સમાજના અભિપ્રાયને સામાન્ય રીતે વશ રહે છે અને પોતાના ઉપર અંકુશ રાખતા શીખ્યા છે, એવા લોકો કોક કોક વાર સામાજિક રૂઢિની સંકુચિતતા અથવા કાલગ્રસ્તતા ઓળખે છે, ત્યારે સુધારક તરીકે તેઓ એ રૂઢિ સામે છડેચોક અભિપ્રાય વ્યક્ત કરે છે, અને પ્રસંગ આવ્યે એની સામે જેહાદ પોકારે છે. દ્રૌપદી, વિદુલા, સાવિત્રી, લક્ષ્મીબાઈ, જીજાબાઈ જેવી પોતાની તેજસવિતાથી લોકમાન્ય થયેલી એવી સ્ત્રીઓમાં મીરાંનું સ્થાન અનેરું છે. મીરાં હિંદુસ્તાનની મોટામાં મોટી શહીદ છે.

એને સ્ત્રીજાતિના પામર જીવન પ્રત્યે તિરસ્કાર છૂટ્યો. સ્ત્રીસ્વાતંત્ર્ય માટે જે સમાજનો દરવાજો ખુલ્લો નથી હોતો, તે સમાજમાં સ્ત્રી-સ્વાતંત્ર્ય બે રીતે જ અખત્યાર કરી શકાય છે: એક તો વારાંગના થઈ ગણિકાની સથિતિ સ્વીકારવી, અથવા આધ્યાત્મિક જીવન ગાળવા વૈરાગ્યનો આશ્રય લેવો.

તેજસ્વી મીરાંએ આ બીજો રસ્તો લીધો. એણે ભગવાન સાથે જ વિવાહ કરી પામર

માણસ પ્રત્યે અસહયોગ સાધ્યો. એણે શ્રીકૃષ્ણની ભક્તિ, પૂજા, સેવા ચલાવી. પછી જે સુખ એને મળ્યું એ ઇંદ્રિયોનું નહિ, પણ ચૈતન્યના સાક્ષાત્કારનું. એ એકનિષ્ઠામાં સગાંસોઈ બધાંને છોડી દીધાં. વૈરાગીઓ સાથે ભજન-મંડળીઓમાં બેસીને એણે સામાજિક પ્રતિષ્ઠાને તિલાંજલિ આપી.

*મેરે તો ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ;*
*દૂસરા ન કોઈ, સાધો, સકલ લોક જોઈ.*

*ભાઈ છોડ્યા, બંધુ છોડ્યા, છોડ્યા સગા સોઈ;*
*સાધુ સંગ બૈઠ બૈઠ લોક-લાજ ખોઈ.*

વિરહ-ભક્તિથી આંસુ સારી સારીને એણે પ્રેમભક્તિ કેળવી. જીવનનું નવનીત મેળવ્યું. વિશમાંથી પણ અમૃત ખેંચી કાઢ્યું.

*ભગત દેખ રાજી હુઈ, જગત દેખ રોઈ;*
*અંસુવન જલ સીંચ સીંચ પ્રેમ-બેલી બોઈ.*

*દધિ મથ ઘ્રુત કાઢિ લિયો, ડાર દઈ છોઈ.;*
*રાણા વિશકો પ્યાલો ભેજ્યો, પીય મગન હોઈ.*

હવે એને ચિંતા શી? હવે એને લાજ શી? હવે તો એ પ્રેમમય થઈ ગઈ છે.

*અબ તો બાત ફૈલ પડી, જાણે સબ કોઈ;*
*મીરાં એમ લગન લાગી, હોની હોય સો હોઈ.*

[ અનુક્રમણિકા તરફ ]

# હૈ બહારે બાગ દુનિયા ચંદ રોજ

**આપણે** માનીએ છીએ કે એક જીવન પૂરું થાય એટલે મરણનું દ્વાર વટાવીને આપણે બીજા જન્મમાં પ્રવેશ કરીએ છીએ. અને આ રીતે પુનર્જન્મની આ ઘટમાળ ચાલ્યા જ કરે છે.

માણસનું આ શરીરમાં સો-પચાસ વર્ષ જ રહેવાનું હોય છે. પણ શરીર છોડ્યા પછી એ પોતાના સમાજમાં દીર્ઘકાળ સુધી અસર કરતો રહે છે. મારું જીવન અમુક વર્ષો સુધી મારા શરીરમાં રહીને સાધના કરતું રહ્યું; અને એ સાધના પૂરી થતાંવેંત શરીરને પાછળ છોડીને એ જ જીવન સમાજમાં પોતાની આગળની યાત્રાએ ઊપડ્યું. સગડી બળીને ઓલવાઈ ગઈ, પણ એ સગડીની ઉષ્ણતા આખી ઓરડીમાં ફેલાઈને લાંબા વખત સુધી હૂંફ આપતી રહે છે.

શરીરગત જીવન ચંદ રોજ ટકે છે. આવડો મોટો હોશિયાર વૈદ્ય લુકમાન! એ પણ અંતે મરી ગયો. આ જિંદગીમાં જો કાંઈ ખાસ કરવાપણું હોય, તો તે મરણ પછીની આપણી યાત્રા માટેનું ભાથું તૈયાર કરવું એ જ છે. આ શારીરિક જીવનની દોસ્તી ટૂંકી છે, પણ સામાજિક જીવનની હસ્તી દીર્ઘકાલીન હોય છે.

*હૈ બહારે બાગ દુનિયા ચંદ રોજ!*
*દેખ લો ઇસકા તમાશા ચંદ રોજ.*

*ઐ મુસાફિર! કૂચકા સામાન કર,*
*ઇસ જહાંમેં હૈ બસેરા ચંદ રોજ.*

*પૂછા લુકમાંસે, "જિયા તૂ કિતને રોજ?"*
*દસ્તે હસરત મલકે બોલા: "ચંદ રોજ."*

નજીરની આ ગઝલને કહેવું છે કે, ભલા લોકો! આપણે થોડા દિવસ સાથે રહેવાના છીએ, ત્યારે એટલા માટે ઝઘડા શાના કરો છો અને એકબીજાને શા માટે અકળાવો છો? ચાર કલાક સાથે રહેવું છે ત્યાં પ્રેમથી કેમ ન રહીએ? મેં તો તમારો કશો ગુનો કર્યો નથી, મને કેમ હેરાન કરો છો? ન તમે અહીં લાંબા વખત સુધી રહેવાના છો, અને હું પણ અહીં અમરપટો લઈને આવ્યો નથી. પછી ક્યાં તમે અને ક્યાં હું?

*ફિર તુમ કહાં ઔ' મૈં કહાં, ઐ દોસ્તો,*
*સાથ હૈ મેરા તુમ્હારા ચંદ રોજ.*

*ક્યોં સતાતે હો દિલે બેજુર્મકો,*
*જાલિમો, હૈ યે જમાના ચંદ રોજ.*

*યાદ કર તૂ ઐ નજીર કબરોંકે રોજ,*
*જિંદગીકા હૈ ભરોસા ચંદ રોજ.*

[ અનુક્રમણિકા તરફ ]

# રે મન! મૂરખ જનમ ગંવાયો

**આપણા** સંતોએ કોઈ કાળે એમ નથી કહ્યું કે આ જન્મ વ્યર્થ છે, નિસ્સાર છે. જન્મ તો મહત્ત્વનો છે, માણસની એ એક જ કીમતી મૂડી છે; એ વેડફી ન નખાય. જન્મ ટૂંકો છે, અને બહુ મહત્ત્વનો છે.

કીમતી જીવનનો તુચ્છ ઉપયોગ કરનારાને સંતો કહે છે કે, "આરોગ્ય સચવાય, આબરૂ વધે અને હૃદય તૃપ્ત ને પરિપુશ્ટ થાય એવો આનંદ તમારી પાસે હોવા છતાં, તમે કેવળ ભ્રામક સુખ પાછળ શા માટે દોડો છો? આનંદ માટેની તમારી ખોજ બરાબર છે, પણ ઇલાજ ભૂંડો છે, અવળો છે. એ રસ્તે, આનંદ મળવાને બદલે બળતરા, ક્ષીણતા અને અસમાધાન જ તમને મળવાનું છે. અનેક વાર અનુભવ લેશો તોયે પરિણામ એ જ આવવાનું છે. માટે સાચે રસ્તે ચાલો, તમને અખૂટ આનંદ મળશે."

લોહી બગડ્યું હોય અને પરિણામે ખૂજલી થઈ હોય, ત્યારે માણસને ખજવાળવામાં ખૂબ આનંદ મળે છે. પણ તેમ કરતાં નખ વાટે એ ખૂજલી ફેલાય છે, આનંદ પછી વધુ બળતરા સહન કરવી પડે છે, લોહી બગડે છે અને શરીર ગંધાય છે.

જે માણસ તંદુરસ્ત છે, જેના શરીરમાં શુદ્ધ લોહી વહેતું હોય છે, એ સવારના ઊઠીને કસરત કરી ગરમ થાય છે અને પછી ઠંડા પાણીમાં તરવાનો આનંદ લઈને ગાજર જેવો લાલચોળ થઈ જાય, તો એને આરોગ્યાનંદ મળે છે. આખા શરીરની ચામડીમાંથી આનંદ ફૂટી નીકળતો હોય છે. આ આનંદ સારો, કે પેલો ખૂજલીનો આનંદ?

સંતો આ સિવાય બીજું કશું કહેતા નથી. પ્રેમ, સેવા, સ્વાર્થત્યાગ, અભેદ, એ આનંદનાં સાધન છે. જ્ઞાનાનંદ, સેવાનંદ, ત્યાગાનંદ, એ સાચા આનંદ છે. શ્રેષ્ઠ આનંદ છોડીને વિશયરસમાં રાચવું, એ તો આમ્રફળ છોડીને સેમરનું [શીમળાનું] ફૂલ ચાખવા બરાબર છે. સેમરના ફૂલથી આકર્ષિત થઈ એને બટકું ભર્યું, એટલે અંદરનું રૂ ઊડી જાય છે અને હાથમાં કશું આવતું નથી. એવી રીતે જો જીવન વેડફી નાખીએ, તો અંતે "સિર ધુની ધુની" પસ્તાવાનું જ રહેશે.

*રે મન! મૂરખ જનમ ગંવાયો,*
*કરિ અભિમાન વિશયરસ રાચ્યો, સ્યામ-સરન નહિ આયો.*

*યહ સંસાર ફૂલ સેમરકો, સુન્દર દેખિ ભુલાયો;*
*ચાખન લાગ્યો, રુઈ ગઈ ઉડિ, હાથ કછુ નહીં આયો.*

*કહા ભયો અબ કે મન સોચે, પહિલે નાહિં કમાયો;*
*કહત સૂર ભગવંત ભજન બિનુ સિર ધુનિ ધુનિ પછિતાયો.*

# શૂર સંગ્રામકો દેખ ભાગૈ નહીં

*શૂર સંગ્રામકો દેખ ભાગૈ નહીં,*
*દેખ ભાગૈ સોઈ શૂર નાહીં.*

*કામ ઔ' ક્રોધ, મદ, લોભસે જૂઝના,*
*મંડા ઘમસાન તહં ખેત માહીં.*

*શીલ ઔ શૌચ, સંતોશ સાહી ભયે,*
*નામ સમસેર તહં ખૂબ બાજૈ.*

*કહૈ કબીર કોઈ જૂઝી હૈ શૂરમા*
*કાયરાં ભીડ તહં તુરત ભાજૈ.*

કબીરનું આ ભજન આપણી સત્યાગ્રહની લડત દરમિયાન બહુ લોકપ્રિય થયું હતું.

શાંતિવાદી સાધુઓ પણ લડતની પરિભાષા રસપૂર્વક વાપરે છે. 'સાલ્વેશન આમી'વાળાઓએ આ દિશામાં કમાલ કરી છે. 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'[પુસ્તક]માં પણ લડતની ભાષા આબાદ રીતે વાપરી છે. બુદ્ધ ભગવાને ૪૯ દિવસ સુધી માર સાથે યુદ્ધ ચલાવ્યાનું વર્ણન કરતાં કવિઓ થાકતા જ નથી.

આ ભજનની ભાષા સીધી સોંસરી છે. શૈલી જોરદાર છે, માણસને ચડાવનારી છે. અને જુસ્સો તો એના દરેક શબ્દમાં ભરેલો છે. કામ, ક્રોધ, મદ અને લોભ — એ ચાર શત્રુઓ એકઠા થઈ પોતપોતાની ફોજ સાથે સામે ઊભા છે. એમની સાથે મરણિયા થઈને ઝૂઝવું છે. રણક્ષેત્રમાં ઘનઘોર યુદ્ધ જામ્યું. શીલ, સદાચાર, પવિત્રતા અને નિર્લોભ સંતોશ — બધાં મદદમાં આવ્યાં છે અને ભગવાનના નામરૂપી તલવાર વીજળીની પેઠે એવી તો ચાલે છે કે શત્રુની સેના કપાઈ જતાં વાર નથી લાગતી. જે શૂર હશે તે આવા યુદ્ધને મહોત્સવ સમજી, એમાં તરત કૂદી પડશે. જે કાયર હશે તે તો ભાગી જવાનો.

કોઈ પણ દેશ ઉપર જ્યારે શત્રુનું આક્રમણ થાય છે, ત્યારે દેશના તેજસ્વી લોકો શત્રુનો સામનો કરવા તૈયાર થાય છે; અને કાયર, દેશદ્રોહી તો શત્રુ સાથે માંડવાળ કરી, પોતાના જાન અને મિલકત સુરક્ષિત કરવાની સલાહ આપે છે.

જો યુદ્ધમાં દેશભક્તો હાર્યા, શત્રુનો ઘેરો લાંબો ચાલ્યો, લોકોને જીવવું ભારે થઈ પડ્યું, તો આવા કાયરો પોતાની સલાહ લોકો આગળ ફરી પાથરે છે અને કહે છે કે, અમે કહેતા જ હતા કે આજની અવસ્થામાં લડવામાં માલ નથી. એ તો ખુવાર થવાનો

જ રસ્તો હતો. જો વખતસર માંડવાળ કરી હોત, તો આપણો લાભ જ હતો. અત્યાર સુધી આપણે કેટલીયે ઉન્નતિ કરી હોત. આવે વખતે, થાકેલી પ્રજાને પણ થાય છે કે વાત સાચી છે.

વિજયી શત્રુ જ્યારે શહેરમાં પ્રવેશ કરે છે, ત્યારે હારેલા લોકો આ બધા કાયરોને “ડાહ્યા, દૂરંદેશી સમાજનાયકો”નો ઇલકાબ આપી અપનાવે છે. અને એમને જ પોતાના સમાજની આગેવાની કરવાનું સૂચવે છે. થાકેલા લોકો એમની સગવડિયા શિખામણ પસંદ કરે છે, અને શત્રુનું રાજ્ય મજબૂત કરવામાં મદદ કરે છે; પછી તો આક્રમણકારી શત્રુઓ પોતે જ દેશના ઉદ્ધારકર્તા હોવાનો દાવો કરવા માંડે છે.

પણ પ્રજા પછી જ્યારે સ્થિર થઈ જાય છે, ત્યારે એને આવી અધોગતિની ફરી સૂગ ચડે છે. પછી એ પોતાના સાચા આગેવાનોને ઓળખે છે અને સ્વતંત્ર થવાનો ફરી પ્રયત્ન કરે છે.

મધ્યયુગના સંતોએ આત્માને પાડનાર શત્રુઓ સાથે યુદ્ધ ચલાવ્યું હતું તે વખતે એમણે કામ, ક્રોધ, લોભ, મદ આદિ કાયર વૃત્તિઓની સલાહ ન માનવા વિશે પ્રજાને ચેતવણી આપી હતી. પણ પ્રજા આવી ચેતવણીથી કંટાળી. આધ્યાત્મિક જીવનની કઠણાઈ પ્રજાને રુચિ નહિ; તેઓ હાર્યા. એટલે જડવાદી લોકોએ કામવૃત્તિ કેટલીક સ્વાભાવિક છે, ક્રોધ વિના તેજસ્વિતા સંભવે જ નહિ, લોભ એ જ સંસ્કૃતિનો પાયો છે, મત્સર વિના રાષ્ટ્રીયતા બંધાય નહિ, અસૂયા વગર વર્ગસંગઠન થાય નહિ વગેરે વાતો સમજાવી દીધી છે. અને હવે તો મનુષ્યનું હૃદય, મનુષ્યનો સમાજ કામ-ક્રોધાદિ ટોળીના હાથમાં ગયો છે. સાધના, સંયમ, ત્યાગ, તપસ્યા — એ બધા સદ્‌ગુણો સમાજમાં અપ્રતિશ્ઠિત થયા છે, જીવનવિકાસ માટે ઇંદ્રિયતૃપ્તિ આવશ્યક છે એમ મનાવા લાગ્યું છે. વિજયી રાષ્ટ્રોની આ દૃષ્ટિ જિતાયેલા કાયર લોકો પણ સ્વીકારતા થયા છે.

આવા વાતાવરણ સામે લડીને આત્માનું રાજ્ય, પરમાત્માનું સામ્રાજ્ય ફરી સ્થાપવાનું છે. શીલ, શૌચ, સંયમ અને સંતોશ — આ બધા શીતલ સદ્‌ગુણોની તેજસ્વિતા સેવા દ્વારા સિદ્ધ કરવાના દિવસો પણ પાછા આવ્યા છે.

[ અનુક્રમણિકા તરફ ]

# એક જ દે ચિનગારી

*એક જ દે ચિનગારી, મહાનલ!*
*એક જ દે ચિનગારી.*

**આ** એક જ કૃતિથી હરિહરભાઈ ભટ્ટ ગુજરાતમાં કવિ તરીકે એકાએક પ્રસિદ્ધિ પામ્યા.

જીવવું એટલે ગરમી ટકાવવી, એ મહાન ભૌતિક સત્ય છે. ખોરાક ખાઈએ છીએ, કપડાં પહેરીએ છીએ, ગુફાની અંદર કે મહેલમાં રહીએ છીએ, મહેનત કરીએ છીએ, એ બધી પ્રવૃત્તિ શારીરિક ઉષ્ણતા ટકાવવા ખાતર જ છે. તડકો ઓછો મળે તો તેલ-ઘી જેવી ચરબી ખાઈને માણસ પોતાની ઉષ્ણતા ટકાવે છે. કપડાંને અભાવે વૈરાગીઓ શરીરે ભસ્મ ચોળે છે. ભૌતિક ક્ષેત્રમાં હૂંફ વગર માણસનું ચાલતું નથી.

પ્રેમના ક્ષેત્રમાં પણ હૂંફની એટલી જ જરૂર હોય છે. જુદાઈ એ ટાઢ છે, મરણની વાટ છે. એ ટાળવા માટે પ્રેમ દ્વારા માણસો એકબીજામાં ઓતપ્રોત થાય છે. ભૌતિક ક્ષેત્રમાં શારીરિક શ્રમથી ઉષ્ણતા ટકાવાય છે તેમ અહીં ત્યાગ, સેવા, આત્માર્પણ અને બલિદાનથી પ્રેમની હૂંફ વધારાય છે. આ પ્રેમની વિશ્વમૂર્તિ પ્રત્યક્ષ ભગવાન છે. એ પ્રેમસૂર્યને કવિએ મહાનલને નામે સંબોધ્યા છે. એ પ્રેમનો એક તણખો પણ જો મળી જાય, તો મનુષ્યજીવન કૃતાર્થ થઈ ગયું. પ્રાર્થના કરવી હોય તો ધન, દોલત, સામર્થ્ય, પ્રતિષ્ઠા કે રાજપાટ, એવી દુન્યવી સગવડો માટે શીદને કરીએ? એ એક ચિનગારી મળી, જીવનમાં પ્રેમનો પ્રાદુર્ભાવ થયો, એટલે જીવન કૃતાર્થ થયું.

*ઠંડીમાં મુજ કાયા થથરે,*
*ખૂટી ધીરજ મારી;*
*વિશ્વાનલ! હું અધિક ન માગું,*
*માગું એક ચિનગારી.*

[ અનુક્રમણિકા તરફ ]

# હરિને ભજતાં...

*હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે,*
*જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે.*

*વહાલે ઉગાર્યો પ્રહ્‌લાદ, હરણાકંસ માર્યો રે;*
*વિભીશણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે;*

*વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે;*
*ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે.*

*વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે;*
*પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ-કામ કીધાં રે.*

*આવો હરિ ભજવાનો લહાવો, ભજન કોઈ કરશે રે;*
*કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુ:ખ હરશે રે.*

ભાષા અને ભાવ બંને દૃષ્ટિએ આ મારાં પ્રિય ભજનોમાંનું એક છે. આનો ભાવ સીધેસીધો બાળબોધ છે. આની શ્રદ્ધા પણ બાળબોધ ભોળી જ છે. આમાં સિદ્ધ કર્યું છે કે વેદકાળથી તે મીરાં અને નરસિંહના સમય સુધી ભગવાને જાતે આવીને ભક્તોની ભીડ ભાંગી છે. ભગવાન ભક્તોનાં દુ:ખ હરે છે, એમનાં કામ જાતે કરે છે, અને હર વખતે એમને ઉગારે છે, એવી શરદ્ધાથી આ ભજન લખાયું છે.

આવાં ભજનોથી ભોળા લોકોને થાય છે કે ભગવાનની ભક્તિ કરીશું, તો સૌ સંકટ દૂર થશે. પણ અનુભવ તો હંમેશ એવો થતો નથી.

મીરાંએ ઝેર પીધું પણ તેની અસર ન થઈ, માટે મીરાં ભક્ત; અને સોક્રેટીસે ઝેર પીધું ને એ મરી ગયા માટે એ ઓછા ધર્મનિષ્ઠ, એમ કોઈ કહી શકે? હિરણ્યકશ્યપે મારવાના અનેક પ્રયત્ન કર્યા છતાંયે પ્રહ્‌લાદ મર્યો નહિ, એ ભક્તિનો મહિમા; અને ઈશુ ખ્રિસ્ત ક્રૂસ ઉપર મરી ગયા, એ શું ભક્તિની વિફળતા?

દુ:ખમાંથી બચાવવા છેલ્લી ઘડીએ ભગવાન દોડી આવે જ છે, એ કેવળ કવિની ભાવના છે, લોકોને ભક્તિના માર્ગ તરફ ખેંચવા માટે મૂકેલું પ્રલોભન છે. એની પાછળ નિરપવાદ સત્ય છે, અનુભવ છે, એમ માનવાનું કારણ નથી.

હરિને ભજતાં કોઈની લાજ હજી નથી ગઈ — આનો સાચો અર્થ એટલો જ કે

જે માણસ દૃઢતાથી ઈશ્વર ઉપર નિષ્ઠા રાખે છે, તે ગમે તેવાં કઠણ સંકટ આવે તોય ચારિત્ર્યભ્રષ્ટ થતો નથી.

સાચા ભક્તવીરો માટે કાવ્યમય આશ્વાસનની જરૂર નથી રહેતી. તેઓ ભગવાન સાથે સાટુ કરતા નથી. 'મહાભારત'માં ધર્મરાજાએ કહ્યું છે કે, સદાચાર અને ઈશ્વરનિષ્ઠાના બદલામાં મને સુખ મળે, રાજ મળે, એવું કશું હું માગતો નથી; એવી અપેક્ષા પણ નથી. મારો સ્વભાવ છે, મારા હૈયાને સંતોશ છે, એટલા માટે જ હું ભગવાનની ભક્તિ કરું છું, અને સદાચારને વળગી રહું છું.

માણસને થવું જોઈએ કે ભક્તિમાં આનંદ છે, હૃદયનું સમાધાન છે, ચારિત્ર્યની મજબૂતી છે, અને વાતાવરણ પવિત્ર થાય છે. ભક્તિને જોરે માણસ ઇંદ્રિયો ઉપર વિજય મેળવી શકે છે, અને એથી ચારિત્ર્યની દૃઢતા કેળવાય છે. ભક્તિનું ફળ સત્ત્વરક્ષા અને આત્મનિષ્ઠા એ જ છે. બીજાં ફળો મળે કે ન મળે, એ કેવળ અકસ્માત છે.

[ અનુક્રમણિકા તરફ ]

# જીવન જવ સુકાઈ જાય

જે ભજનો ફક્ત ગુરુ ઉપર કે ભગવાન ઉપર બધું છોડી દઈ અકર્મણ્યતાને પોશે છે, તે વિશુદ્ધ ભક્તિભાવને પોશક નથી. એની પાછળની શરદ્ધા કે નિષ્ઠા આળસમાંથી પણ ઉદ્ભવેલી હોય. કવિવર રવીન્દ્રનાથના આ ભજનમાં એવું નથી.

આપણે જીવન શુદ્ધ, સમૃદ્ધ અને સમર્થ બનાવવાનો અખંડ પ્રયત્ન કરીએ છીએ. પણ ઘણી વાર એમાં હારી જઈએ છીએ. એવે વખતે આવી ભક્તિ ભગવાનના ચરણે નમ્ર થઈ પ્રાર્થના જરૂર કરે કે, હે ભગવાન! જ્યારે મારું જીવન સુકાઈ જશે અને આશા-નિરાશાને અવકાશ પણ રહે નહિ, એવે વખતે, ભગવાન! તારી કરુણાના વર્ષાવ કરતી તારી દયા મારા હૃદયમાં પહોંચી જાય. હૃદયમાં જ્યારે કોરો દુકાળ ફેલાય, ત્યારે ભક્તનું હૃદય પ્રેમ-વર્ષાની જ યાચના કરે ને? એ રીતે આ યાચના છે.

*જીવન જવ સુકાઈ જાય,*
*કરુણા વર્ષન્તા આવો!*
*માધુરી માત્ર છુપાઈ જાય,*
*ગીત-સુધા ઝરન્તા આવો!*

*કર્મનાં જ્યારે કાળાં વાદળ*
*ગરજી ગગડી ઢાંકે સહુ સ્થળ,*
*હૃદય-આંગણે, હે નીરવનાથ!*
*પ્રશાંત પગલે આવો!*

આપણા જીવનમાં ભલાઈ-બૂરાઈ બન્ને હોય છે. આવું બધું મળીને જીવન બને છે. એ તો ચાલવાનું જ. પણ કોક વખતે જીવનની મીઠાશ જ ગાયબ થઈ જાય છે. એવે વખતે એ કોરાપણું દૂર કરવાનું કોઈ સાધન આપણી પાસે રહેતું નથી. એવે વખતે, હે ભગવાન, ભાવના અને સંગીતથી તરબોળ એવો ગીત-સુધારસ બનીને આવો.

જીવન એટલે કેવળ ચિંતન કે કલ્પના નહિ. જીવન એટલે કૃતિ. જીવન એટલે કર્મ. એ કર્મ જ્યારે પ્રચંડ બનીને હૃદયનો આખો પ્રાંત ઢાંકી દે છે, એવે વખતે એ કર્મને પણ પરાસ્ત કરવા માટે, હે જીવનનાથ! તમારાં શાંત પગલાં ચલાવીને મારા હૃદયનો કબજો લઈ લેજો.

*મોટું મન જ્યારે નાનું થઈ*
*ખૂણે ભરાયે તાળું દઈ;*
*તાળું તોડી, હે ઉદારનાથ!*
*વાજંતા ગાજંતા આવો!*

મન જ્યારે કૃપણ થઈને એક ખૂણામાં પડ્યું રહે છે, ત્યારે હે ઉદારનાથ! મારા હૃદયનો દરવાજો ખોલીને, અથવા તોડીને, રાજા જેમ પોતાના રાજ્યનો કબજો લઈને વિરાજે તેમ, "રાજ સમારોહ"થી તમારે પ્રવેશ કરવો.

*કામ ક્રોધનાં આકરાં તૂફાન*
*આંધળાં કરી ભુલાવે ભાન,*
*હે સદા જાગંત! પાપ ધુવંત!*
*વીજળી ચમકંતા આવો!*

અને તોફાની વાસનાઓ ધૂળ ઉડાડે અને એ ધૂળથી મનને આંધળું કરી દે, ત્યારે હે અખંડ જાગરુક પવિત્ર ભગવાન! ભાન ભૂલેલા મારા મનમાં વીજળીનો રુદ્ર પ્રકાશ ફેલાવતા આવી જાઓ.

ટૂંકામાં, હે ભગવાન! હું જ્યારે મારી સાધનામાં હારી જાઉં, મારા હૈયામાં કોરાપણું અને દારિદ્રય ફેલાઈ જાય, અને દુન્યવી કર્મો જ મારો કબજો લે, ત્યારે મારા હૃદયનું રાજ્ય તમારું જ છે એ જાણી એનો કબજો લેવા તમારી પૂરી શક્તિ સાથે આવી જાઓ.

[રવિબાબુના આ ભજનનું ગુજરાતી ભાષાંતર કર્યું છે મહાદેવભાઈ દેસાઈએ]

[ અનુક્રમણિકા તરફ ]

# પ્રેમળ જ્યોતિ તારો દાખવી

*પ્રેમળ જ્યોતિ તારો દાખવી*
*મુજ જીવન-પંથ ઉજાળ.*

*દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર;*
*માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,*
*મારો જીવન-પંથ ઉજાળ.*

*ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ; દૂર નજર છો ન જાય,*
*દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,*
*મારે એક ડગલું બસ થાય...*

*કર્દમભૂમિ કળણભરેલી ને ગિરિવર કેરી કરાડ,*
*ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ*
*મને પહોંચાડશે નિજ દ્વાર.*

*રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ;*
*દિવ્યગણોનાં વદન મનોહર મારે હૃદયે વસ્યાં ચિરકાળ,*
*જે મેં ખોયાં હતાં ક્ષણ વાર.*

ખ્રિસ્તીઓના અંગ્રેજી ભજન 'લીડ કાઈન્ડલી લાઈટ'નો આ અનુવાદ શ્રી નરસિંહરાવ દિવેટિયાએ કરેલો છે.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સામુદાયિક જીવન જીવવાનો પ્રારંભ કર્યો, ત્યારે ત્યાં રોજ સાંજે પ્રાર્થના થતી હતી. એમાં અંગ્રેજી ભજનો પણ ગવાતાં. એમાંથી એમને જે ભજન અત્યંત પ્રિય હતું તેના ગુજરાતી અનુવાદો, ભારત કાયમ માટે રહેવા આવ્યા ત્યારે, ગાંધીજીએ અનેક કવિઓ પાસેથી મગાવ્યા. એમાં આ અનુવાદ એમને સૌથી વધારે ગમ્યો.

અને ખરેખર, ભાવ, ભાષા અને રાગ, બધી દૃષ્ટિએ આ ભજન એટલું સુંદર થયું છે કે અનુવાદ જેવું લાગતું જ નથી. એમ જ લાગે છે કે કવિ નરસિંહરાવ પોતાના જ હૈયાના ઉત્કટ ભાવો આમાં ઠાલવી રહ્યા છે. આ ભજનમાં મને અમારા તુકારામનું હૃદય જડ્યું.

[ અનુક્રમણિકા તરફ ]

# મંગલ મંદિર ખોલો

*મંગલ મંદિર ખોલો,*
*દયામય! મંગલ મંદિર ખોલો.*

*જીવન-વન અતિ વેગે વટાવ્યું,*
*દ્વાર ઊભો શિશુ ભોળો;*
*તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,*
*શિશુને ઉરમાં લો લો.*

*નામ મધુર તમ રટ્યો નિરંતર,*
*શિશુ સહ પ્રેમે બોલો;*
*દિવ્ય-તૃશાતુર આવ્યો બાળક,*
*પ્રેમ-અમીરસ ઢોળો.*

**આ** ભજન પાછળ એનો ઇતિહાસ છે. કવિ નરસિંહરાવ દિવેટિયાએ પોતાનો દીકરો ગુજરી ગયાના સમાચાર સાંભળ્યા, ત્યારે પિતાનું હૃદય ઘવાયું હશે જ. પણ જીવન-મરણનું રહસ્ય જાણનાર ભક્ત-હૃદય દુઃખમાં ડૂબી જવાને બદલે ગંભીર બને છે. જીવન અને મરણના દયામય સ્વામી ભગવાનનું ચિંતન કરતાં કરતાં એનું દર્શન મેળવે છે. અને પછી અંધકારને ઠેકાણે પ્રકાશ અને વેદનાને ઠેકાણે ગંભીર પ્રસન્ન સંગીત સાંભળવા લાગે છે.

જીવન સુખમય હોય કે સંકટમય હોય, મરણ તો વિસામો આપતું દયામય દર્શન જ હોય છે. આવા ગંભીર ભક્તિના વાતાવરણમાં ભક્તકવિને આ ભજન ઊતરી આવ્યું છે. એમાં દુઃખ, નિરાશા, વેદનાનો લવલેશ નથી. પણ મરણ પછી ભગવાનના દર્શનની અને ચિરશાંતિની પ્રસન્નતા છે. મધ્યરાત્રીના અંધારા પછી ઉષાએ પ્રગટ કરેલો પ્રકાશ છે.

એવા પ્રસન્ન ગંભીર વાતાવરણમાં ભક્ત ભગવાનના હૃદયમાં પ્રવેશ કરવા માગે છે.

જીવન અને મરણ ભગવાનનાં જ બે રૂપો છે. એમાં જીવન એ માણસની આકરી સાધના અને કસોટી છે, મરણ એ પરમ કારુણિક દયા છે. દિવસ પછી જેમ રાત્રીને સ્થાન છે, એની ઉપયોગિતા અને સૌંદર્ય છે, એ જ રીતે મરણમાં પણ ઉપયોગિતા અને સૌંદર્ય છે.

[ અનુક્રમણિકા તરફ ]

# પાપાચી વાસના નકો દાવૂં ડોળાં

**માણસ** મોઢેથી સત્ય પણ બોલી શકે છે, અને અસત્ય પણ બોલી શકે છે. અને તેથી જ એના સાચાપણાની કિંમત છે. ગાય સત્ય પણ ન બોલી શકે, અને અસત્ય પણ ન બોલી શકે; એની પાસે વાચા જ નથી. તેથી ગાય જૂઠું બોલતી નથી એનાં કોઈએ વખાણ નથી કર્યાં. માણસ આગળ બન્ને રસ્તાઓ છે. બંને બાજુએ જવાની એને છૂટે છે. એ પોતાનો અધપ્પાત પણ કરી શકે છે, અને ઉદ્ધાર પણ સાધી શકે છે. ઈશ્વરે માણસને સ્વતંત્રતા આપી છે. તેથી જ આપણા સ્વાતંત્ર્ય પ્રત્યે આદર રાખનાર ભગવાન આપણો ઉદ્ધાર કરવા માટે અસમર્થ બને છે.

પશુઓની પેઠે માણસ પણ ઇંદ્રિયોને વશ થઈ શકે છે; પણ ઇંદ્રિયોનું ખેંચાણ ગમે તેટલું જબરદસ્ત હોય તોયે, એ ખેંચાણને નહિ ગણકારતાં, ધારે તો એ સંયમને રસ્તે ચડી શકે છે. માણસની એ વિશેષતા ગણાય છે.

કેટલાંક ભજનો માણસ માટે મિત્રની ગરજ સારે છે, અંધારામાં દીવો કરે છે, અને હાથ ઝાલીને પડતાં બચાવે છે.

*પાપાચી વાસના નકો દાવૂં ડોળાં,*
*ત્યાહુની અંધળા બરાચ મી.*

*નિંદેચેં શ્રવણ નકો માઝે કાનીં,*
*બધિર કરોનિ ઠેવીં, દેવા.*

*અપવિત્ર વાણી નકો માઝ્યા મુખા,*
*ત્યાજહુનિ મૂકા બરાચ મી*

*નકો મજ કધીં પરસ્ત્રીસંગતિ,*
*જનાંતૂનિ માતી ઊઠતાં ભલી.*

*તુકા મ્હણે મજ અવધ્યાચા કંટાળા,*
*તૂં એક ગોપાળા આવડસી.*

તુકારામ પોતાના વહાલા ભગવાન પાસે એટલું માગી લે છે કે, “હે ભગવાન, પાપની વાસના મારી નજર આગળ આવવા દઈશ મા; એના કરતાં હું આંધળો થઈ જાઉં એ બહેતર છે. મારે કાને નિંદાનું શ્રવણ ન થજો; એના કરતાં, ભગવાન, મને બહેરો કરી

મૂકજે. મારે મોઢે અપવિત્ર વાણી નીકળે નહિ એમ કરજે; એના કરતાં હું મૂંગો થઈ જાઉં એ જ સારું. મને કોઈ કાળે પરસ્ત્રીસંગનો પ્રસંગ જ ન આવજો; એવા સંકટમાં પડવા કરતાં આ દુનિયામાંથી હું નષ્ટ થઈ જાઉં એ જ સારું. આ બધા અધપ્પાતના પ્રસંગોનો મને તદ્દન અણગમો ઊપજ્યો છે. હે ભગવાન, ગોપાળ, તું જ એકલો મને વહાલો છે."

[ અનુક્રમણિકા તરફ ]

# જે કા રંજલે ગાંજલે

**મહારાષ્ટ્રની** સંતપરંપરા જ્ઞાનોબા(જ્ઞાનેશ્વર)થી શરૂ થાય છે, અને એનો પૂર્ણ વિકાસ તુકોબા(તુકારામ)માં થાય છે. સંતપરંપરા જો મંદિર હોય, તો એનો પાયો છે જ્ઞાનદેવ; અને એ મંદિરને માથે કળશ, તે છે આપણા તુકારામ. સંત-શિરોમણિ તુકારામનું આ પ્રખ્યાત ભજન ગાતાં મહારાષ્ટ્રીઓ કોઈ કાળે થાક્યા નથી.

સાચો સંત-સાધુ કોને કહેવાય, એનાં લક્ષણો કેવાં, એ અત્યંત સાદી ભાષામાં સ્પષ્ટ કરી તુકારામે પોતાનો આદર્શ અહીં મૂકેલો છે. ભાષા એટલી સીધી સાદી અને સ્પષ્ટ છે કે માણસ શહેરી હોય કે ગામડિયો, એના મોઢામાં આ અભંગ રમતો રહેવાનો.

*જે કા રંજલે ગાંજલે, ત્યાંસિ મ્હણે જો આપુલે;*
*તોચિ સાધુ ઓળખાવા, દેવ તથેંચિ જાણાવા.*

*મૃદુ સંબાહ્ય નવનીત, તૈસેં સજ્જનાચેં ચિત;*
*જ્યાસિ આપંગિતા નાહીં, ત્યાંસિ ધરી જો હ્દયીં.*

*દયા કરણેં જે પુત્રાસી, તેચિ દાસા આણિ દાસી;*
*તુકા મ્હણે સાંગોં કિતી, ''તોચિ ભગવંતાચી મૂર્તિ.''*

જે લોકો અકળાયા છે, જેમને સામાજિક અન્યાય સહન કરવો પડે છે, અને તેથી જેઓ નિરાશ થવાની અણી ઉપર આવ્યા છે, એવા લોકોને જે અપનાવે એ જ સાચો સાધુ છે એમ જાણી લેવું. અને વિશ્વાસ રાખવો કે એવાઓના હ્દયમાં જ ભગવાન વસે છે.

માખણ જેમ બધી રીતે નરમ અને મોઢામાં નાખતાંવેંત હ્દય સુધી પહોંચી જાય છે, તેમ સજ્જન સાધુઓનું ચિત્ત આંતરબાહ્ય કોમળ હોય છે. જે ગરીબોને બીજા કોઈ અપનાવે નહિ તેને દયાથી, પ્રેમથી પોતાના હૈયા સાથે ચાંપીને અપનાવે તે જ ખરો સાધુ.

આમ સ્પષ્ટ કર્યા પછી એક છેલ્લી કસોટી તુકારામ મૂકી દે છે: "સામાન્ય માણસ પોતાના દીકરા પ્રત્યે જે પ્રેમ, આત્મીયતા, ઉદારતા અને ક્ષમા બતાવે છે, તે જ દાસ-દાસીઓ પ્રત્યે પણ બતાવે તે જ ખરો સાધુ, એ જ માણસ ભગવાનની મૂર્તિ છે."

અમને નથી લાગતું કે સંત-સાધુની આટલી સ્પષ્ટ વ્યાખ્યા બીજા કોઈએ આપી હોય. તુકારામ પોતે એવા હતા. તેથી જ આજે પણ તુકારામ કરોડોના હ્દયમાં બિરાજે છે.

[ અનુક્રમણિકા તરફ ]

# અંતર મમ વિકસિત કરો

**ભારતના** કોઈ પણ પ્રાંતનો સામાન્ય માણસ સાંભળે, તો એને ભાષાની કે ભાવની કશી મુશ્કેલી નડે નહિ એવું સુંદર સંગીતવાળું એક ભજન છે:

*અંતર મમ વિકસિત કરો અન્તરતર હે,*
*નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુંદર કરો હે.*

આ કવીન્દ્ર રવીન્દ્રનાથે કરેલી પ્રાર્થના છે. ભગવાનની પ્રાર્થના કરવા માટે હૃદય જાગે, ભગવાનની આ મંગલ સ્રુશટિ સાથે હૃદય એકરૂપ થઈ જાય, એ જ આ પ્રાર્થના છે.

અને અહીં ભગવાનને માટે વાપરેલું એક માત્ર નામ પણ કવું છે! — “અંતરતર”. અંતરના ઊંડાણમાં જે અખંડ વસે છે, અને એનો માલિક થઈ એને ઘડતો જાય છે, એવો એ ભગવાન. તેને કવિ કહે છે: “તમે મારા અંતરમાં જાગ્રત થયા છો, તો મારું હૃદય-પુશ્પ એકદમ ખીલી ઊઠે એવું કરો. મારા અંતરને વિકસિત કરો, નિર્મળ કરો, ઉજ્જ્વળ કરો અને એને સુંદર કરો.”

*જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,*
*મંગલ કરો, નિરલસ નિસ્સંશય કરો હે.*

કવિ કહે છે: મારા હૃદયને જગાડો. નિર્ભય કરી પુરુશાર્થ માટે તૈયાર કરો. એ પુરુશાર્થ કરતાં ન મનમાં કોઈ શંકા ઊઠે, ન ઉત્સાહ મંદ પડે.

*યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ,*
*સંચાર કરો સકલ કર્મે શાન્ત તોમાર છંદ.*

અને કરવું પણ શું છે? જીવન દ્વારા બધા સાથે આત્મીયતા વધતી જાય. આપ-પર-ભાવનું બંધન ઉત્પન્ન થાય નહિ. જાણે જીવન એક મોટું સંગીત છે. એ સંગીત મારફતે ભગવાનનાં શાંત, પવિત્ર અને ઉત્સાહપૂર્ણ કામો કરતાં કરતાં આ સંગીતમૂર્તિ વિશ્વકવિનો પ્રેમ-ભક્તિરાગ જીવનમાં પ્રગટ થતો જાય.

અને ભગવાન, મારું ચિત્ત તારા ચરણકમળમાં સ્થિર થઈને ભક્તિનો આનંદ માણતું જાય, એટલું જ માગું છું.

*ચરણપદ્મે મમ ચિત નિસ્પંદિત કરો હે,*
*નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે.*

આખો દિવસ પવિત્ર અને ઉલ્લાસયુક્ત કરવાની તાકાત આ ભજનમાં છે. ભાષા એટલી સહેલી છે અને વિચાર એટલા સરળ અને ઉન્નત, કે આ ભજન સાંભળતાંવેંત સમગ્ર ચિત્ત નંદિત થઈ જાય છે.

# જનગણમન-અધિનાયક જય હે

**બંગાળે** આપણને એક વિશ્વકવિ આપ્યોઃ રવીન્દ્રનાથ ઠાકુર. ભારતીય સંસ્કૃતિનો ઉતમોત્તમ આદર્શ જેમાં વ્યક્ત થઈ શકે, એવું એક ઈશગીત એણે તૈયાર કરી આપ્યું. એ ગીતનો રાગ પણ મોટો સમાજ મોટે અવાજે સાથે ગાઈ શકે એવો ગંભીર, પરાક્રમી અને ઉત્સાહપ્રેરક છે.

*જનગણમન-અધિનાયક જય હે ભારત-ભાગ્યવિધાતા!*

*પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ, ઉત્કલ, બંગ;*
*વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા, ઉચ્છલ-જલધિતરંગઃ*
*તવ શુભ નામે જાગે, તવ શુભ આશિશ માગે,*
*ગાહે તવ જયગાથા.*

*જનગણ-મંગલદાયક જય હે, ભારત-ભાગ્યવિધાતા!*
*જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!*

ભારત એટલે જુદી જુદી ભાષા બોલનારા, જુદા જુદા વંશના લોકો. એ બધાનાં નામો ગણવાં એ પણ પુણ્યકર્મ છે. એટલે કવિએ પંજાબથી માંડીને બંગ સુધી અનેક નામો એકત્ર આણ્યાં છે. એ જ રીતે વિંધ્ય અને હિમાચલ એ બે નામો તમામ પહાડનાં પ્રતિનિધિ છે. યમુના-ગંગા નાની મોટી તમામ નદીઓની પ્રતિનિધિ છે. અને ઉચ્છલ-જલધિતરંગ વાળો સાગર ભારતની ત્રણ બાજુએ ફેલાયેલો છે. આ બધા પ્રદેશો, પહાડો, નદીઓ, સમુદ્રો અને એમને આધારે જીવનારા માણસો તારી જયગાથા ગાય છે. બધી મંગળ વસ્તુઓ અમારા આ જનગણને તું જ આપે છે. અમારાં હૃદયમાં તેમ જ તમામ દેશોમાં અને આખી દુનિયામાં, હે ભગવાન! તારી જય હો!

*અહરહ તવ આહ્વાન પ્રચારિત, શુનિ તવ ઉદાર વાણી,*
*હિન્દુ-બૌદ્ધ-શીખ-જૈન-પારસિક-મુસલમાન-ખ્રિસ્તાની*
*પૂરવ પશ્ચિમ આસે, તવ સિંહાસન પાસે,*
*પ્રેમહાર હોય ગાથા.*
*જનગણ-ઐક્યવિધાયક જય હે, ભારત-ભાગ્યવિધાતા!*

હે ભગવાન! હિંદુ, બૌદ્ધ, આદિ બધા ધર્મના લોકો તારા આકર્ષણથી એકત્ર આવ્યા. એમની મારફત તારો ઉદાર સંદેશ સાંભળીએ છીએ. પૂર્વ અને પશ્ચિમ, યુરોપ-

અમેરિકા અને એશિયા પ્રેમનો હાર તૈયાર કરી તારા સિંહાસન પાસે આવ્યા છીએ. એવા ઐક્યવિધાયક ભગવાન, તારી જય હો.

*ઘોર તિમિરઘન નિબિડ નિશીથે પીડિત મૂર્છિત દેશે,*
*જાગ્રત છિલ તવ અવિચલ મંગલ નતનયને અનિમેશે,*
*દુઃસ્વપને આતંકે, રક્ષા કરિલે અંકે,*
*સ્નેહમયી તુમિ માતા.*
*જનગણ-દુઃખત્રાયક જય હે ભારત-ભાગ્યવિધાતા!*

ઘોર અંધકારથી ભરેલી રાત્રીને સમયે જ્યારે આખો દેશ મૂર્છામાં પડ્યો હતો, ત્યારે પણ તારી મંગલ આંખો અવિચલ જાગતી હતી. તમામ સંકટોમાંથી અમને ખોળામાં લઈને તેં અમારી રક્ષા કરી છે. ખરેખર, તું સ્નેહમયી માતા છે. તારો વિજય થાઓ.

*રાત્રિ પ્રભાતિલ ઉદિલ, રવિચ્છવિ પૂર્વ-ઉદયગિરિ-ભાલે*
*ગાહે વિહંગમ, પુણ્ય સમીરણ નવજીવન-રસ ઢાલે;*
*તવ કરુણારુણ રાગે, નિદ્રિત ભારત જાગે,*
*તવ ચરણે નત માથા.*
*જય જય જય હે જય રાજેશ્વર! ભારત-ભાગ્યવિધાતા!*

હવે રાત વીતી, પ્રભાત થયું છે. પૂર્વના ઉદય પર્વતને શિખરે રવિબિંબનો ઉદય થયો છે. પક્ષીઓ ગાવા લાગ્યાં છે. પુણ્યદાયી પવન નવજીવન-રસ ફેલાવે છે. તારી કરુણા, એ જ અમારી સવાર. એ સવારની અરુણપ્રભા જોઈને ભારત હવે જાગ્યું છે, અને નમ્ર થઈને એણે પોતાનું માથું તારે ચરણે મૂક્યું છે. હે રાજેશ્વર! અમારા પુરુશાર્થ દ્વારા તારી જય હો!

[ અનુક્રમણિકા તરફ ]